પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૧૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૩-૦૧-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૧૬ મહિનાના રેકોર્ડ સ્તર પર પહોંચી બેરોજગારી

## ડિસેમ્બરમાં બેરોજગારી દર ૮.૩૦% પર પહોંચ્યો, શહેરોમાં હાલત વધુ ખરાબ

નવીદિલ્હી,

દેશમાં બેરોજગારીનો દર ડિસેમ્બર ૨૦૨૨માં વધીને ૮.૩૦% પર પહોંચી ગયો. આ ૧૬ મહિનામાં સૌથી વધુ છે. આની પહેલાં ઓગસ્ટ ૨૦૨૧માં બેરોજગારી દર ૮.૩૨% હતો. ડિસેમ્બર ૨૦૨૧માં તે ૭.૯૧% અને નવેમ્બરમાં ૮% હતો. બેરોજગારી દરમાં વધારાનું મુખ્ય કારણ શહેરી વિસ્તારોમાં બેરોજગારી વધવાનું છે.



ડિસેમ્બરમાં સહેરી વિસ્તારોમાં બેરોજગારી દર ૧૦.૦૯% પર પહોંચી ગયો છે. આ નવેમ્બરમાં ૮.૯૬% હતો. ત્યાં ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી દર મામૂલી ઘટ્યો છે. તે ડિસેમ્બરમાં ૭.૪૪% રહ્યો, જે નવેમ્બરમાં ૭.૫૫% હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના એમડી મહેશ વ્યાસે કહ્યું કે બેરોજગારી દરમાં વૃદ્ધિ એટલી ખરાબ નથી, જેટલી આગળ જોઈ શકાશે. ગયા મહિને શ્રમ ભાગીદારીના દરમાં વૃદ્ધિ જોવા મળી છે. તે ડિસેમ્બરમાં વધીને ૪૦.૪૮% પર પહોંચી ગઈ, જે ૧૨ મહિનામાં સૌથી વધુ છે.

સૌથી મહત્ત્વપૂર્ણ એ છે કે ડિસેમ્બરમાં રોજગાર દર વધીને ૩૭.૧% થઈ ગયો, જે જાન્યુઆરી ૨૦૨૨ પછી સૌથી અધિક છે. આગામી મહિનાઓમાં મોંઘવારી રોકવી અને લાખો યુવાઓ માટે રોજગારના અવસર ઊભા કરવા સરકાર માટે સૌથી મોટી ચેલેન્જ છે. એનએસઓ દ્વારા નવેમ્બરમાં આંકડા અનુસાર જુલાઈ-સપ્ટેમ્બરમાં બેરોજગારીનો દર ઘટીને ૭.૨% રહી ગયો હતો. આ એનાથી પાછલા એપ્રિલ-જૂન ત્રિમાસિકમાં ૭.૬%ના સ્તર પર હતો.

ડિસેમ્બરમાં બેરોજગારી દર ૭.૬% રહેવાનો મતલબ એ છે કે કામ કરવા તૈયાર દર ૧૦૦૦ વર્કરમાંથી ૭૬ને કામ નથી મળી શક્યું. ઝરૈંઈ દર મહિને ૧૫થી વધુ ઉંમરના લોકોનાં ઘરે-ઘરે જઈને સર્વે કરે છે અને તેમની પાસેથી રોજગારની સ્થિતિની જાણકારી લે છે. ત્યાર બાદ જે પરિણામ મળે છે તેનાથી રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

સીએમઆઈ અનુસાર ભારતીય અર્થવ્યવસ્થાની તંદુરસ્તીને બેરોજગારીને સાચી રીતે દર્શાવે છે, કારણ કે આ દેશની કુલ જનસંખ્યામાં કેટલા બેરોજગાર છે, તેને બતાવે છે. થિંક ટેન્કને આશા છે કે રવી ફસલની વાવણીની શરૂઆતમાં તેજી જોવા મળી શકે છે. આનો મતલબ છે કે ચાલુ નાણાકીય વર્ષમાં એગ્રી સેક્ટર એક વાર ફરી શાનદાર પ્રદર્શન કરશે. આનાથી પ્રવાસી મજૂર ખેતરોમાં પાછા આવશે.દરમિયાન આ વર્ષે મોંઘવારીએ લોકોને ખૂબ જ પરેશાન કર્યા છે. ૨૦૨૨માં પહેલીવાર રાંધણ ગેસ-સિલિન્ડર રૂ. ૧૦૦૦ને પાર થઈ ગયો. જ્યારે આ વર્ષે લોટ પણ ૨૬ રૂપિયાથી વધીને ૩૨ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. એવી જ રીતે આ વર્ષે ઘરમાં તેલ, દૂધ અને ચોખા જેવી રોજિંદી ઉપયોગની વસ્તુઓના ભાવમાં પણ ધરખમ વધારો થયો છે. અહીં અમે તમને જણાવી રહ્યા છીએ કે વર્ષ ૨૦૨૨માં રોજિંદા ઉપયોગની વસ્તુઓની કિંમતો કેટલી ઘટી કે વધી છે. મોંઘવારી કેવી રીતે વધે છે અને ઘટે છે અને રિઝર્વ બેંક એને કેવી રીતે કંટ્રોલ કરે છે? મોંઘવારી વધવાનો સીધો અર્થ એ છે કે તમારા કમાયેલા પૈસાનું મૂલ્ય ઘટશે. ઉદાહરણ તરીકે, જો મોંઘવારીનો દર ૭% છે, તો તમે જે ૧૦૦ રૂપિયા કમાવો છો તેની કિંમત ૯૩ રૂપિયા હશે.

અર્થતંત્રમાં કિંમતો અથવા મોંઘવારી વધારી શકે તેવા ઘણા પરિબળો છે. સામાન્ય રીતે, ઉત્પાદન ખર્ચમાં વધારો, ઉત્પાદનો અને સેવાઓની માંગમાં વધારો અથવા સપ્લાયમાં કમીના કારણે થાય છે.મોંઘવારી વધવાના ૬ મુખ્ય કારણો જોઈએ તો ડિમાન્ડ પુલ ફુગાવો ત્યારે થાય છે જ્યારે અમુક ઉત્પાદનો અને સેવાઓની માંગ અચાનક ઝડપથી વધે છે.,જ્યારે સામગ્રી ખર્ચ વધે છે ત્યારે મટીરીયલ કોસ્ટ વધે થાય છે. તેને ગ્રાહકો પર નાંખવામાં આવે છે.,જો નાણાનો પુરવઠો ઉત્પાદનના દર કરતાં વધુ ઝડપથી વધે છે, તો તે મોંઘવારીમાં પરિણમી શકે છે.,કેટલાક અર્થશાસ્ત્રીઓ પણ પગારમાં તીવ્ર વધારાને મોંઘવારીનું કારણ માને છે. તેનાથી ઉત્પાદન ખર્ચ વધે છે.,સરકારી નીતિથી પણ કોસ્ટ ખર્ચ અથવા માંગમાં વધારાથી ફુગાવો થઈ શકે છે. તેથી જ યોગ્ય નીતિ જરૂરી છે.,ઘણા દેશો આયાત પર વધુ નિર્ભર છે, જ્યાં ડોલર સામે ચલણ નબળું પડવાથી ફુગાવો થાય છે.

જો ભારતમાં મોંઘવારીના કારણોની વાત કરીએ તો ડોલરની સરખામણીમાં રૂપિયો નબળો પડી ગયો છે અને ૮૦ના સ્તરને પાર પહોંચી ગયો છે. ડૉલર મોંઘો થવાને કારણે ભારતની આયાત મોંઘી થઈ જાય છે અને તેના કારણે સ્થાનિક બજારમાં પણ વસ્તુઓની કિંમતો વધી જાય છે. જ્યારે, કોવિડ પછી સપ્લાય ચેન હજી સંપૂર્ણપણે પાટા પર આવી નથી, જેના કારણે મોંઘવારી વધી છે. આ સિવાય રશિયા-યુક્રેન યુદ્ધના કારણે કાચા તેલ અને ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થયો છે.

## ભારતે ફરીથી યુએનમાં બદલાવની માગ કરી, એસ. જયશંકરે કહ્યું : તે અમારી વિદેશ નીતિનો એક મહત્વપૂર્ણ ભાગ

નવીદિલ્હી,

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ઓસ્ટ્રિયાની રાજધાની વિયનામાં ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરતા જણાવ્યું કે, ૭૭ વર્ષ જૂના સંયુક્ત રાષ્ટ્ર સંગઠનને નવુ રૂપ આપવાની જરૂરીયાત છે. સંયુક્ત રાષ્ટ્રમાં બદવાવ માટે ભારતની વિદેશ નીતી એક મહત્વપૂર્ણ ભાગ છે. ઓસ્ટ્રિયાની રાજધાની વિયનામાં ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરતા જયશંકરે આ વાત કરી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં સુધારા અને તેમા ભારતની ભૂમિકા વિશે પુછવામાં



આવતા જયશંકરે જણાવ્યું હતુ કે, સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના ૧૯૪૫માં થઈ છે અને હું પુછવા માગું છુ કે કોઈ એવી વસ્તુ જણાવો જે ૭૭ વર્ષ જૂની હોય અને તેમાં બદલાવની જરૂરીયાત ન જણાતી હોય. લોકો બદલે છે, સંસ્થાઓમાં પણ બદલાવ થવો જોઈએ, બદલાવની જરૂરીયાત છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાના પ્રયત્નોમાં ઘણા લાંબા સમયથી ભારત સૌથી આગળ છે. ભારતનું કહેવું છે કે, સુરક્ષા પરિષદમાં અમે કાયમી સદસ્ય બનવા હકદાર છીએ. જયશંકરે કહ્યું કે, સમસ્યા એ જ છે કે પ્રભાવશાળી દેશો પોતાનો પ્રભાવ ઓછો થવા દેતા નથી. એવામાં અમે તેઓને કેમ પરિવર્તન માટે રાજી કરી શકીએ. જે પોતાના અલ્પકાલીન ફાયદાના કારણે જૂની પરંપરા સાથે જોડાઈ રહેવા મજબૂર છે. આ એક વાસ્તવીક સમસ્યા છે.

સંયુક્ત રાષ્ટ્રમાં સુધારા પર ભાર મૂકવો એ ભારતની વિદેશ નીતીનો એક અભિન્ન અંગ હોવાનું વિદેશ મંત્રીએ જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું કે, પરિવર્તન રાતોરાત નહી થાય અને પ્રયત્નો સતત ચાલુ રાખીશું. આ અમારી વિદેશ નીતી માટે એક મહત્વપૂર્ણ લક્ષ્ય છે. પરંતુ એક દિવસ થશે તેવો મને વિશ્વાસ છે.

રશિયા, ઈંગ્લેંડ, ચીન, ફ્રાંસ અને અમેરીકા સુરક્ષા પરિષદમાં કાયમી સભ્ય છે. આ પાંચ દેશ કોઈપણ દેશના પ્રસ્તાવોને વીટો કરી શકે છે. દુનિયાની વાસ્તવીકતાને જોવા માટે કાયમી સભ્યની સંખ્યા વધારવાની માગ કરી રહ્યા છે. ભારતીય સમુદાયના લોકો સાથેના મજબૂત સબંધો માટે સ્વર્ગસ્થ પૂર્વ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજના પ્રયત્નોના વખાણ કર્યા હતા.

એસ. જયશંકરને જ્યારે પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, સુષ્મા સ્વરાજ જ્યારે વિદેશમંત્રી હતા ત્યારે ભારતની વિદેશ નીતીમાં શું બદવાવ આવ્યા હતા? જયશંકરે જવાબ આપ્યો હતો કે, વિદેશમાં રહેતા ભારતીય સમુદાયના લોકો સાથે અમારા સબંધ મજબૂત થયા છે અને મજબૂત રહેશે.

## આગલા ૩ દિવસ સુધી ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ગાઢ ધૂમ્મસ રહેશે

નવીદિલ્હી,

ઉત્તર-પશ્ચિમ ભારતના મોટા ભાગના સ્થળોએ ભયંકર કોલ્ડવેવની સ્થિતિ છે. હવામાન વિભાગે આગલા ૩ દિવસ સુધી ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ગાઢ ધૂમ્મસની સંભાવના વ્યક્ત કરી છે. આગલા બે દિવસ સુધી ઠંડીનુ જોર વધશે. તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના ભારતીય હવામાન વિભાગે કહ્યુ કે ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં હિમાલયમાંથી આવતા ઉત્તર-પશ્ચિમી પવનોના કારણે આગલા બે દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ અને આસપાસના મધ્ય ભારતના લઘુત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. જેના કારણે રાજસ્થાનના ઉત્તર ભાગોમાં મંગળવાર સુધી કોલ્ડવેવથી લઈને ભીષણ શીતલહેરની સ્થિતિ રહેવાની સંભાવના છે.

મેદાની વિસ્તારોમાં ગાઢ ધૂમ્મસ છવાયેલુ રહેશે મેદાની વિસ્તારોમાં ગાઢ ધૂમ્મસ છવાયેલુ રહેશે હળવા પવનો અને સિંધુ-ગંગાના મેદાની વિસ્તારોમાં સપાટી પાસે વધુ ભેજના કારણે ધૂમ્મસ છવાયેલુ રહેશે. દિલ્લી અને તેની આસપાસના વિસ્તારોને ગયા સપ્તાહે કોલ્ડવેવની સ્થિતિમાંથી થોડી રાહત મળી હતી. હવામાન વિભાગે ઉત્તર ભારતમાં ઓછી ઠંડીની સ્થિતિ માટે મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અથવા વધુ ઉષ્ણકટિબધીય હવામાન પ્રણાલિઓના અભાવને જવાબદાર ગણાવ્યુ છે. જેના લીધે મેદાની વિસ્તારોમાં વરસાદ અને ઉંચાઈ પર હિમવર્ષા થાય છે. આ રાજ્યોમાં તાપમાન ઘટશે આ રાજયોમાં તાપમાન ઘટશે હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યુ, 'જો ઓછા વરસાદના સંકેત મળે તો તેનો અર્થ એ છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ગતિવિધિમાં ઘટાડો થવાની સંભાવના છે. જ્યારે પશ્ચિમી વિક્ષેપ ઓછો હોય, ત્યારે ઉત્તરપશ્ચિમ ભારતના ભાગોમાં ઉત્તરપશ્ચિમ પવનો ફૂંકાઈ શકે છે. મધ્યપ્રદેશ, દક્ષિણ ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન નીચુ રહી શકે છે. હરિયાણા અને પંજાબમાં તાપમાન સામાન્ય રહેશે અને તે હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર જેવા ઊંચા વિસ્તારોમાં સામાન્યથી ઉપર રહી શકે છે.'

## મહારાષ્ટ્રમાં ફેકટરીમાં વિસ્ફોટ, ત્રણ લોકોના મોત



મુંબઈ,

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં ફટાકડાની ફેકટરીમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે.આ વિસ્ફોટમાં ત્રણ લોકોના મોત થયા છે.તેમજ અન્ય લોકો ઘાયલ થયાના સમાચાર મળી રહ્યાં છે. તપાસ કરતા પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ઘટના બાર્શી તાલુકાના શિરાલા ખાતે યુનિટમાં બની હતી.તેમણે કહ્યું કે આ ઘટના ફટાકડા મેનિયુફેકચરિંગ યુનિટની અંદર વિસ્ફોટ થયો હતો જેના કારણે આખા યુનિટમાં આલ લાગી હતી ઘટના સ્થળ પર ફાયર બ્રિગેડ અને પોલીસ કર્મચારીઓ સમય પર પહોંચીનો બચાવની કામગીરી હાથ ધરી હતી.આ ઘટના સ્થળ મુંબઈથી ૪૦૦ કિલોમીટર દુર આવેલુ છે.

આ ઘટના પહેલા ગઈકાલે એક કેમિકલ કંપનીના બોયલરમાં વિસ્ફોટ થઈને આગ લાગવાની ઘટના સામે આવી હતી ઘટનામાં બે લોકોના મોત થયા હતાં અને ૧૭ લોકો ઘાયલ થયા હતાં. આ ઘટના ઈગતપુરી તાલુકાના મુંબઈ આગ્રા હાઈવે પર મુંધેગાંવ ખાતે જિંદાલ પોલી ફિલ્મ્સ કંપનીમાં રાત્રે લગભગ ૧૧.૩૦ કલાકે બની હતી લોકોએ જણાવ્યું હતું કે આ વિસ્ફોટના અવાજથી આસપાસના ગામોના લોકોમાં પણ ચિંતા છવાઈ ગઈ હતી આ આગનો ધૂમાડો દુરથી પણ દેખાઈ રહ્યો હતો.

મહારાષ્ટ્ર સરકારે દરેક મૃતકના પરિવારનો પાંચ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે જયારે આ સાથે જ જે લોકો આ ઘટનામાં ઘાયલ થયા છે તેમને વિનામૂલ્યે તબીબી સુવિધા પુરી પાડવામાં આવશે મુંઢેગામ નાસિકથી લગભગ ૩૦ કિલોમીટર અનો મુંબઈથી લગભગ ૧૩૦ કિલોમીટર દુર આવેલ છે.

## ગુજરાતના દેરાસરોની તોડફોડના વિરોધ પ્રદર્શન માટે દેશભરમાં જૈન સમુદાય રસ્તા પર ઉતરી આવ્યો

મુંબઈ,

ગુજરાતના દેરાસરોની તોડફોડના વિરોધ પ્રદર્શન માટે દેશભરમાં જૈન સમુદાય રસ્તા પર ઉતરી આવ્યો હતો મુંબઈ ખાતે જૈન સમુદાયના લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતાં અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શન ઝારખંડ સરકારના 'શ્રી સમેદ શિખરજી'ને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવાના નિર્ણય અને ગુજરાતના પાલિતાણામાં મંદિરની તોડફોડ સામે હતો. આ પ્રદર્શનમાં ઘણા લોકો જોડાયા છે. આ પ્રદર્શનમા લોકોએ હાથમાં પ્લેકાર્ડ અને ધ્વજ સાથે ફૂટ માર્ચ કરી હતી. વિરોધ કરતા મહારાષ્ટ્રના મંત્રી મંગલ પ્રભાત લોઢાએ કહ્યું કે, અમે પાલિતાણાના દેરાસરોને તોડી પાડવાનો અને ઝારખંડ સરકારના નિર્ણયનો વિરોધ કરી રહ્યાં છે.



ગુજરાત સરકારે આ ઘટના સામે પગલા લીધા છે છતાં હજુ કડક પગલાં લેવાય એવી માગ સાથે આ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આજે દેશભરમાં આજે ૫ લાખથી પણ વધુ લોકો રસ્તા પર ઉતરશે. ગુજરાતના અમદાવાદ, સુરત તેમજ દેશના અન્ય શહેરોમા પણ જૈન સમુદાયના લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું છે.

શનિવારે મહારાષ્ટ્રના નાશિકમાં જૈન સમુદાયએ શાંતિપૂર્ણ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શન છેલ્લા ૧૦ દિવસમા બીજી વાર કરવામાં આવ્યું હતું. ઝારખંડના ગિરિડીહ જીલ્લાના પારસનાથ હિલને સમેદ શિખરના નામે પણ ઓળખવામા આવે છે. ઝારખંડ સરકારે આ સ્થળને પ્રવાસી સ્થળ તરીકે જાહેર કરેલ છે. જેને લઈને જૈન સમુદાયમા નારાજગી જોવા મળી છે. જેના કારણે લોકો વિરોધ પ્રદર્શન કર્યા છે.

દિગમ્બર જૈન ગ્લોબલ મહાસભાના યૂથ વિંગના રાષ્ટ્રીય અધ્યક્ષ પારસ લોહડાએ જણાવ્યુ કે તેમના સમુદાયના ૯ સભ્યોની ઉપસ્થિતિમાં અશોક સ્તંભ ક્ષેત્રમાં વિરોધ દર્શાવવા માટે મુંડન કરાવ્યા હતા. તેમને જણાવ્યું કે જ્યાં સુધી ઝારખંડ સરકાર તેમનો નિર્ણય નહી બદલે અને ગુજરાતના પાલિતણાંના દેરાસરની તોડફોડને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમારૂ વિરોધન પ્રદર્શન યથાવત રહેશે.

### સુપ્રીમ કોર્ટે નોટબંધી પર મોદી સરકારને રાહત આપી

## નોટબંધી પહેલા કેન્દ્ર અને RBI વચ્ચે ચર્ચા થઇ હતી, નિર્ણય લેતી વકતે અપનાવવામાં આવેલી પ્રક્રિયામાં કોઇ ખામી ન હતી




નવીદિલ્હી,

નોટબંધી પર સુપ્રીમ કોર્ટે આજે મોટો ચુકાદો સંભળાવતા કેન્દ્ર સરકારે ૨૦૧૬માં ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ બંધ કરવાનો જે નિર્ણય લીધો હતો તેને યથાવત રાખ્યો છે.સુપ્રીમ કોર્ટે મોદી સરકારની નોટબંધીને પડકારતી ૫૮ જેટલી અરજીઓ પર સુનાવણી કરતા આ ચુકાદો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે નોટબંધી પુહેલા કેન્દ્ર અને આરબીઆઇ વચ્ચે ચર્ચા થઇ હતી સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું છે કે નોટબંધીનો નિર્ણય લેતી વખતે અપનાવવામાં આવેલી પ્રક્રિયામાં કોઇ ખામી નહોતી તેથી તે અધિસુચના રદ કરવાની કોઇ જરૂર નથી સુપ્રીમ કોર્ટે કેન્દ્રના નિર્ણયને માન્ય રાખ્યો હતો અને કોર્ટે ૨૦૧૬માં રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટોને બંધ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને યથાવત રાખ્યો છે.

જસ્ટિસ વી વી નાગરત્ને કહ્યું કે હું સાથી ન્યાયાધીશો સાથે સહમત છું પરંતુ મારી દલીલો અલગ છે.મેં તમામ ૬ પ્રશ્નોના જુદાજુદા જવાબો આપ્યા છે.મેં આરબીઆઇના મહત્વ અને તેના કાયદા અને દેશની આર્થિક નીતિઓનો ઉલ્લેખ કર્યો છે તેમણે કહ્યું કે ભારતીય રિઝર્વ બેંક ભારતીય અર્થતંત્રની દિવાલ છે. મેં સમગ્ર વિશ્વમાં આ પ્રકારની નોટબંધીની કવાયતનો ઈતિહાસ ટાંકયો છે.તેમણે કહ્યું કે આપણે આર્થિક કે નાણાંકીય નિર્ણયોના ગુણ દોષ શોધવાની જરૂર નથી

અત્રે જણાવવાનું કે નવ નવેમ્બરનો દિવસ દેશના અર્થતંત્રના ઈતિહાસમાં એક ખાસ દિવસ તરીકે નોંધાયેલો છે.વર્ષ ૨૦૧૬માં આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બરાબર ૮ વાગે નોટબંધીની જાહેરાત કરી હતી આ જાહેરાત બાદ ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટોબંધ કરી દેવામાં આવી હતી સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેંચે આજે આઠ નવેમ્બર ૨૦૧૬ના રોજ થયેલી નોટબંધીને પડકારતી ૫૮ અરજીઓ પર ચુકાદો સંભળાવ્યો.આ અરજીઓમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે નોટબંધી માટે જરૂરી પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હતું અને મનસ્વી રીતે નિર્ણય લેવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે અગાઉ ૭ ડિસેમ્બરે કેન્દ્ર અને ભારતીય રિઝર્વ બેંકને ૨૦૧૬માં રૂ.૧,૦૦૦ અને રૂ.૫૦૦ની નોટોને બંધ કરવાના સરકારના નિર્ણય સાથે સંબંધિત રેકોર્ડ રજુ કરવા નિર્દેશ આપ્યો હતો. અરજીકર્તાઓએ કોર્ટને નિયમો ઘડવાની પણ માંગ કરી હતી જેથી આવા નિર્ણયોનું ભવિષ્યમાં ફરી પુનરાવર્તન ન થઈ શકે આ અગાઉ બેન્ચે કેન્દ્રના ૨૦૧૬ના નિર્ણયને પડકારતી અરજીઓ પર ગત સુનાવણી દરમિયાન પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

નોટબંધીની આ જાહેરાત તે જ દિવસે મધ્યરાત્રિથી અમલમાં આવી હતી. આ જાહેરાતના થોડા સમય બાદ દેશમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો.બેંકોની બહાર લાંબી કતારો જોવા મળી હતી. ૧૫૦૦ની નોટો ખર્ચવા માટે લોકો બજારમાં ઉમટી પડયા હતાં રાત્રે ૧૨ વાગ્યા સુધી લોકો સુવર્ણકારની દુકાન પર હતાં બેંકોની બહાર કતારમાં ઉભા રહીને નોટો બદલવા માટે સામાન્ય લોકોને અઠવાડિયા સુધી હાલાકી ભોગવવી પડી હતી બાદમાં ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નવી નોટો બહાર પાડવામાં આવી હતી સરકારે જાહેરાત કરી હતી કે દેશમાં કાળા નાણાં અને નકલી ચલણની સમસ્યાને ખતમ કરવા માટે તેણે આ પગલું ભર્યું છે પીએમ મોદીએ ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ અચાનક રાત્રે આઠ વાગ્યે નોટબંધીના નીર્ણયની જાહેરાત કરી હતી આ જાહેરાત બાદ સમગ્ર દેશમાં હોબાળો મચી ગયો હતો ઘણા દિવસો સુધી લોકો સવારથી રાત સુધી એટીએમ અને બેંકરોની લાઇનમાં ઉભા રહ્યાં હતાં નોટબંધીના કારણે લોકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો. નોટબંધીના કારણે લોકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો અને લાંબી લાઇનોને કારણે કેટલાકના મૃત્યુ પણ થયા હતાં. વિરોધ પક્ષોએ કેન્દ્ર સરકારના નિર્ણયનો સખ્ત વિરોધ કર્યો હતો અને આ મુદ્દા પર વિરોધ પક્ષો મોદી સરકારને નિશાન બનાવી રહ્યાં છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.વી. નાગરત્ને તમામ ૫૦૦ અને ૧,૦૦૦ની નોટોના નોટબંધી (ડિમોનેટાઈઝેશન)ને સમર્થન આપતા બહુમતીના મતથી અલગ અસંમત ચુકાદો લખ્યો હતો કે ઈંૈં એક્ટ કેન્દ્ર સરકારના સંકેત પર નોટબંધીનો વિચાર કરતું નથી. આ એકમાત્ર જજ છે જેમણે અલગ નિર્ણય આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે ૨૫ નવેમ્બર અને શુક્રવારના દિવસે નોટબંધીને પડકારતી અરજીઓની સુનાવણી દરમિયાન એક નિવેદનમાં જણાવ્યું હતુ કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જૂની ચલણી નોટો બદલવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલી અરજીઓ પર વિચાર કરવો જોઈએ. તેને બદલવાની સમયમર્યાદા ચૂકી ગયા છે. તેવા લોકોને વધુ એક તક મળવી જોઈએ. આ અંગે સુપ્રીમ કોર્ટ ૫ના રોજ પણ સુનાવણી કરી હતી. સુપ્રીમ કોર્ટ નોટબંધી અંગે અરજીની સુનાવણી આજે કરી હતી.

દેશમાં અગાઉ ૧૬ જાન્યુઆરી,૧૯૭૮ના રોજ જનતા પાર્ટીની ગઠબંધન સરકારે પણ આજ કારણોસર ૧૦૦૦ ૫૦૦૦ અને ૧૦,૦૦૦ રૂપિયાની નોટોને બંધ કરી દીધી હતી.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

**એફ. ટી. વોરા**

તરફથી અભીનંદન....

મુ. નાથકુવા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

**રાઠોડ બલદેવસિંહ ચંદ્રસિંહ**

તરફથી અભીનંદન....

મુ. વિઠ્ઠલપુરા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


# સંતરામપુરના બજારોમાં ચાઈનીઝ દોરીનું વેચાણ : તંત્ર મુકપ્રેરક



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુરમાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ હોવા છતાં બજારોમાં વેચાણ થતી અને યથાવત જોવાઈ રહેલી છે સરકાર દ્વારા અને સરકારી તંત્ર દ્વારા ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે અને તેનો ઉપયોગ પણ કરી શકાતો નથી ચાઈનીઝ દોરી ઘાતક અને જોખમી કરક છે તેનો ઉપયોગ કરવાથી જાનહાની પણ થઈ શકે છે અને વધારે નુકસાન થવા પામતું હોય છે પ્રતિબંધ મૂકેલી ચાઈનીઝ દોરી નો ઉપયોગ કરવો ગેરકાનોની અને ગુનો બનતો હોય છે અને સંતરામપુરના વેચાણ પર કરી શકતા નથી જો ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ મુકેલો હોય તો બજારમાં ખાનગી ધોરણે તેનો ધૂમ વેચાણ થઈ રહ્યું છે આજે જ સંતરામપુર સોસાયટી વિસ્તારમાં પતંગ અને દોરી ચાઈનીઝ જોવા મળી આવેલી હતી તંત્ર જાણ અજાણ થઈ રહ્યું છે ચાઈનીઝ દોરી નો મોટી રકમ વસૂલ કરીને વેપારીઓ ખાનગી ધોરણે ધૂમ વેચાણ કરી રહ્યું છે તેમ છતાં તંત્ર કેમ છો? આ બાબતની તપાસ કેમ થતી નથી જો દરેક દુકાનોમાં અને ખાનગી ધોરણે તેની તપાસ કરવામાં આવે તો મોટાભાગની ચાઈનીઝ દોરીનો માલ અને જથ્થો મળી આવે તેમ છે.

## લીમખેડાના શાષ્ટા ગામે ખેતરમાં આવેલ ઈસમોને ટોકવા મામલે ઝઘડામાં પથ્થરમારો કરી તોડફોડ કરતા ફરિયાદ

દાહોદ,

લીમખેડાના શાષ્ટા ગામે બપોરના સમયે ખેતરમાં વાવેલ તુવેર કાપવા આવેલ ઈસમોને રોકવાના મામલે થયેલ ઝઘડામાં પથ્થરમારો કરી એક શેડને આગ ચાંપી તેની બાજુમાં બનાવેલ છાપરાની તોડફોડ કરી નુકશાન પહોંચાડી તથા જાનથી મારી નાંખવાની ધાકધમકી આપ્યાનું જાણવા મળ્યું છે. શાષ્ટા ગામના ચારેલ ફળિયામાં રહેતા ૫૦ વર્ષીય સોમાભાઈ સબુરભાઈ ચારેલ તથા તેમના ઘરના માણસો પોતાના ખેતરમાં બનાવેલ શેડ નીચે બેઠા હતા તે વખતે તેમના ગામના ડાંગી કુટુંબના રસુલભાઈ મડીયાભાઈ, મહેશભાઈ મડીયાભાઈ, ચીમનભાઈ સબુરભાઈ તથા વિનોદભાઈ કુરબાનભાઈ વગેરે સોમાભાઈ ચારેલના ખેતરમાં વાવેલ તુવેર કાપવા આવતા સોમાભાઈ ચારેલે તેઓને તુવેર કાપવાની ના પાડી હતી જેથી ચારે જણા ઉશ્કેરાયા હબતા અને બેફામ બિભત્સ ગાળો બોલી છુટ્ટા પથ્થરોમારી અલ્કેશભાઈને ડાબા પગે પથ્થર મારી તથા સોમાભાઈ ચારેલનો શેડે આગ ચાંપી સળગાવી દઈ તથા તેની બાજુમાં સીમેન્ટની થાંભલીઓ પર પતરા નાંખી બનાવેલ છાપરૂ તોડી નાંખી નુકશાન પહોંચાડ્યું હતું તથા જાનથી મારી નાંખવાની ધાકદમકીઓ આપી હતી.

## મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે ઉત્સાહભર તુલસી પૂજન સપ્તાહની ઉજવણી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

મહીસાગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા પગાર કેન્દ્રમાં આવેલી નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે મહિસાગર જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબની સૂચના અને આયોજન મુજબ તુલસી પૂજન સપ્તાહની ઉજવણી ખુબ સુંદર રીતે કરવામાં આવી. સમગ્ર સપ્તાહ દરમ્યાન શાળામાં તુલસીનું સ્થાપન, તુલસીના છોડનું વિતરણ, તુલસી વાવવાનો સંકલ્પ, તુલસી પૂજન, તુલસી પ્રદક્ષિણા, તુલસીનું આધ્યાત્મિક મહત્વ, નિબંધલેખન, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, તુલસીના ઔષધિય ગુણ, પ્રભાતફેરી, જળ અર્પણ વગેરે જેવા કાર્યક્રમો શાળા ખાતે કરવામાં આવ્યા. શાળાના ઔષધિય બાગમાં ૨૫ કરતા વધુ તુલસી ઉછેરી ગામના સરપંચના વરદ હસ્તે તુલસીવન નામકરણ કરવામાં આવ્યું. તમામ કાર્યક્રમોનું સંચાલન બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું. વિવિધ કાર્યક્રમોમાં ગામના ઉત્સાહી સરપંચ રમેશભાઈ સંગાડા, શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ કોયાભાઈ ભાભોર, શિક્ષણવિદ્દ નર્મદાબેન મકવાણા અને સભ્યો, ગ્રામજનો, વાલીઓ, શિક્ષકો અને બાળકો જોડાયા હતા.



કડાણા તાલુકાના ડોડીયા મઠ મુકામે આદિજાતિ વિકાસ અને પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના કેબિનેટ મંત્રી પ્રો.ડો. કુબેરભાઈ ડીંડોર સાહેબે અશોકભાઈના નિવાસ્થાને જનસંપર્ક કાર્યક્રમ યોજયો. સાથે પાર્ટીનાં આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.



સંતરામપુર તાલુકાના સવગઢ ગામના રહેવાસી વાળંદ ગીતાબેન મહેશભાઈ નું ૨૪ ૪ ૨૦૨૨ ના રોજ કુદરતી મૃત્યુ થયેલું ગીતાબેનનું બરોડા ગુજરાત ગ્રામીણ બેંક માં બચત ખાતું ખોલાવ્યું હતું જે ખાતામાંથી દર વર્ષે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાના ૪૩૬ વિમાની રકમ ભરવામાં આવતી હતી જે વીમા ની રકમ તેઓના પતિ વાળંદ મહેશભાઈ સોમાભાઈને નોમીની તરીકે હોવાથી બરોડા ગુજરાત ગ્રામીણ બેંક કાળીબેલ બ્રાન્ચ મેનેજર દ્વારા રૂપિયા ૨૦૦૦૦૦ નો શેખ અર્પણ કરવામાં આવ્યો હતો.



સત્ય સનાતન ધર્મ ભકત શિરોમણી શ્રી સદગુરૂ ચુનીલાલ મહેતાની સદગુરૂ સાહેબધારાના આદરણીય સંત શ્રી મોહનભાઈ ભુદરભાઈ પ્રજાપતિ દેહવાસન થતા જ પંચમહાલ દાહોદ પ્રજાપતિ વિકાસ સંઘ સર્વ ભકત મંડળ સમૂહ મંડળો તેમના દર્શનાર્થી આવ્યા હતા વહેલી સવારથી જજમેન્ટની જોવા મળી હતી ૮૫ વર્ષની વયે આ મોહનભાઈ બુધરભાઈ દેવલોક પામ્યા છે ત્યારે તેમને પાલકીમાં બેસાડી તેમજ ઢોલ નગારા સાથે ફટાકડા ફોડીને એક અનોખી સ્મશાન યાત્રા નીકળી હતી તેમાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા અરે આ યાત્રામાં જોડાઈને પારસી દેહને વિદાય આપી હતી.

## મહીસાગર જિલ્લામાં આવેલ વિશ્વવિખ્યાત રૈયોલી ડાયનાસોર પાર્ક ખાતે માણસોનું ઘોડાપુર ઉભરાયુ



બાલાસિનોર,

વિશ્વવિખ્યાત ડાયનાસોર ફોસીલ પાર્ક એ વિશ્વના ત્રીજા નંબરનું અને દેશનું પ્રથમ નંબરનું ડાયનાસોર ફોસિલ પાર્ક આવેલું છે. બાલાસિનોર થી આશરે ૧૨ કિલોમીટરના અંતરે આવેલું ડાયનાસોર ફોસિલ પાર્ક રૈયોલી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને શનિ–રવિની રજાઓ હોવાને કારણે અને નવું વર્ષ હોવાને કારણે આજે ડાયનાસોર પાર્ક ખાતે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. ડાયનાસોર ફોસીલ પાર્ક ફ્રિજ દુ નું ઉદઘાટન કર્યા પછી પ્રવાસીઓનો ઘસારો જોવા મળે છે જ્યારે આ બાબતે પ્રવાસીઓને પૂછતો પ્રવાસીઓએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા સુવિધાઓ સારી કરવામાં આવી છે પરંતુ અહીંયા સારી હોટલ તેમજ આરામ ગૃહ જેવી સુવિધાઓ અભાવ જોવા મળી રહ્યો છે આ બાબતે તંત્રએ અને સરકારે જરૂરી સુવિધાઓ ઊભી કરવી જોઈએ જેથી કરીને પ્રવાસીઓને સુગમતા રહે અને પ્રવાસીઓનો વધારો થાય તેમ છે.

## આપની આજ.......

મેષ : ઘરમાં ધનમાં વધારો થશે અને મિત્રો તરફથી પણ ધનલાભ થશે. છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ દૂર થશે. તમને દુશ્મનોમાંથી મુક્તિ મળશે અને તમને વિજય મળશે.

વૃષભ : વૃદ્ધ લોકોની સેવા કાર્યો પર પૈસા ખર્ચ થતા મનમાં ખુશી રહેશે. વૈવાહિક જીવનમાં સુખી પરિસ્થિતિ રહેશે. તમે વ્યવસાયમાં તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો બની રહેશો, આ તમારી કાર્યક્ષમતામાં વધારો કરશે.

મિથુન : આજે સારા માણસોની મુલાકાતને કારણે મનમાં પ્રસન્નતા રહેશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-મિલકતનો વિવાદ પણ ઉકેલાશે. મિત્રોની મદદથી આર્થિક સમસ્યાઓ ઉકેલી શકાય છે.

કર્ક : નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથી સાથે વાદ-વિવાદ ટાળો. ગુપ્ત શત્રુઓ સક્રિય રહેશે, બિનજરૂરી સમસ્યા રહેશે. વ્યવસાયમાં મહેનત કર્યા પછી જ આવક વધશે. વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય માટે નવી તક મળશે.

સિંહ : કાર્યક્ષેત્રમાં થોડી અડચણ આવવાની સંભાવના છે, તેથી સાવધાનીપૂર્વક કામ કરો. તમને ઘર અને ઓફિસની ઘણી જવાબદારીઓ મળી શકે છે, તેથી યોજના હેઠળ કામ કરવામાં તમને સફળતા મળશે.

કન્યા : એક મહત્વપૂર્ણ વ્યાવસાયિક ડીલ તમારી તરફેણમાં અંતિમ હોઈ શકે છે. જો તમે આજે તમારી વાત અન્ય લોકો સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છો, તો આવનારા દિવસોમાં વરિષ્ઠ લોકો પણ તમારી પ્રશંસા કરશે.

તુલા : નોકરીના ક્ષેત્રમાં લાયકાત વધારીને સફળતા પ્રાપ્ત થશે. તમારા કામ પર સંપૂર્ણ ધ્યાન રહેશે, જેના કારણે અધિકારીઓ ખુશ થઈ જશે. સફળતા તરફ ધીમે ધીમે પગલા લઈ શકાય છે.

વૃશ્ચિક : ભાગીદારીના કામમાં અવરોધો આવી શકે છે. દુશ્મનો તમને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કરશે પરંતુ તમે તમામ પડકારો સફળતાપૂર્વક પૂર્ણ કરશો. ક્યાંકથી ધન કમાવવું અને પૈસા મેળવવાનો યોગ છે.

ધનુ : આજનો દિવસ તમારા માટે સામાન્ય છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મનોબળ વધારશે. કામમાં મુશ્કેલીઓ પછી તમને દિવસના બીજા ભાગમાં રાહત મળશે અને મહેનત પણ ફળ આપશે. રોકાણ માટે સમય યોગ્ય નથી.

મકર : આજે દિવસભર આવકના નવા સ્રોત બહાર આવશે. તમારા ભાગ્યનો સિતારો ફરી ચમકવા લાગશે. વેપારમાં વધુ નાણાનું રોકાણ કરવું ફાયદાકારક રહેશે. ભાઈઓ સાથે વધુ મતભેદો અને ગુસ્સો ના કરો.

કુંભ : આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે. સંતાન પક્ષના લગ્નમાં આવતી અડચણ સમાપ્ત થશે. જનસંપર્કમાં વધારાથી રાજકીય લોકો ખુશ થશે.લવ મેરેજ કરવા માગતા લોકો માટે સમય અનુકૂળ છે.

મીન : આજે નસીબ તમને દરેક પગલા પર સાથ આપશે. વિરોધીઓનું કાવતરું નિષ્ફળ જશે. આકસ્મિક ખર્ચ આર્થિક બોજ વધારી શકે છે. સાંસારિક આનંદ માણવાના સાધનો પર શુભ ખર્ચને કારણે મનમાં પ્રસન્નતા રહેશે.

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા ૧૯૫૦માં શરૂ કરાયેલી બાળપ્રવૃત્તિને પ્રમુખસ્વામી મહારાજે વિશાળ વટવૃક્ષરૂપે વિસ્તારી



: બાળ સંસ્કાર દિન :

– વર્તમાનકાળે પ. પૂ. મહંતસ્વામી મહારાજની નિશ્રામાં સમગ્ર વિશ્વમાં ૫ ખંડોમાં, ૪૦ દેશોમાં, ૧,૫૦,૦૦૦ જેટલાં બાળકો, ૨૦,૦૦૦ જેટલાં બાળ બાલિકા કાર્યકરો આ બાળપ્રવૃત્તિમાં સમ્મિલિત.
– પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અને આઝાદીના અમૃત મહોત્સવ પર્વે મે, ૨૦૨૨ માં ઈઅડજના ૧૬ હજાર બાળકોએ ૧૪ લાખ લોકોનો કર્યો સંપર્ક, ૪ લાખ લોકો વ્યસનમુક્તિ માટે થયા પ્રતિજ્ઞાબદ્ધ.
– ૫ જુલાઈ, ૨૦૦૭ ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે કલામે રાષ્ટ્રવ્યાપી વ્યસનમુક્તિ અભિયાન માટે BAPS ના બાળકોને રાષ્ટ્રપતિ ભવનમાં બોલાવી અભિનંદન પાઠવ્યા હતા.
– ૨૮ હજાર બાળ–યુવા કાર્યકરોએ ૨૧ લાખ લોકોનો કર્યો હતો સંપર્ક.
– ૬,૩૩,૦૦૦ લોકોએ વ્યસનમુક્તિના નિયમો લીધા હતા.
– સમાજના વાર્ષિક અંદાજિત ૩૪૪ કરોડ રૂપિયાનો થયો બચાવ.

: પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ઉત્સવમાં ૧૭ એકરમાં ફેલાયેલી ભવ્ય, જ્ઞાનવર્ધક બાળ નગરી એક અનેરા આકર્ષણ અને જીવનઘડતરનું કેન્દ્ર :

– ૪,૫૦૦ બાળ સ્વયંસેવકો–સ્વયંસેવિકાઓ દ્વારા સંચાલિત થઈ રહી છે બાળનગરી.
– ઉચ્ચ જીવનશૈલીની પ્રેરણા આપતાં ત્રણ બાળ પ્રદર્શનખંડો.
– સી ઓફ સુવર્ણા : પ્રાર્થના+પુરૂષાર્થ = સફળતાને દઢ કરાવતું પ્રદર્શન.
– વિલેજ ઓફ બુઝોઃ માતાપિતાના ઉપકારોનું સ્મરણ કરાવતું પ્રદર્શન.
– જંગલ ઓફ શેરૂ : સ્વ–વિકાસની પ્રેરણા આપતું પ્રદર્શન.

બીએપીએસ બાળપ્રવૃત્તિ ના પાંચ મુખ્ય આધાર સ્તંભો–સંસ્કાર (સામાજિક અને પારિવારિક મૂલ્યો), શિક્ષણ (શૈક્ષણિક શ્રેષ્ઠતા), સ્વાસ્થ્ય (નિરામય જીવન), સંસ્કૃતિ (વારસો) અને સત્સંગ (આધ્યાત્મિકતા) ની અદભુત ઝાંખી.

– અનેકવિધ રોચક પ્રસ્તુતિઓ દ્વારા બાળકોના સંસ્કારઘડતરની નગરી બની ચૂકી છે.

: BAPS બાળનગરી :

– નિયમ કુટિર : જ્યાં બાળકો વ્યવસ્થિત અભ્યાસ, માતા–પિતા પ્રત્યે આદર, રાષ્ટ્ર પ્રત્યે ફરજ જેવા નિયમ ગ્રહણ કરે છે અને નિયમ લેનારને પુસ્તિકા પ્રોત્સાહન રૂપે અપાય છે.
– બી. એ પી એસ બાળ નગરી–૩૦ ડિસેમ્બર સુધીમાં.
– કુલ નિયમ બધ્ધ બાળકોઃ ૪૯,૯૩૦.
– કુલ નિયમબધ્ધ બાલિકાઓ : ૩૭,૮૧૬.
– કુલ નિયમબધ્ધ બાળ–બાલિકાઓ : ૮૭, ૭૪૬.
– BAPS કળા મંચ (વ્યક્તિગત અને સમૂહગાન, શાસ્ત્રીય અને સુગમ સંગીત, વાદ્યસંગીત, યોગ, તેમજ વિવિધ સાંસ્કૃતિક નૃત્યોની પ્રસ્તુતિ).
– આદર્શ બાળક બનવાની પ્રેરણા આપતી રચનાઃ 'શાંતિનું ધામ : ચાણસદ'.
– સંસ્કૃતિ રત્નોના સંગમાં (૮ પ્રેરણાદાયી ઐતિહાસિક ભારતીય બાળરત્નો સાથે ફોટો–સ્પોટ).
– પ્રાણીની પ્રેરણા (પ્રાણીઓ દ્વારા શાકાહાર, હિંમત, નિર્ભયતા, સરળતા મૂલ્યોની પ્રસ્તુતિ).
– માતા–પિતાને વંદન (જ્યાં વિશ્વપ્રસિદ્ધ હસ્તીઓ તેમના માતા–પિતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે).

: બી. એ. પી. એસ બાળપ્રવૃતિને બિરદાવતા પુરસ્કારો :

– ૧૯૮૯ – શ્રેષ્ઠ બાળ કલ્યાણ પ્રવૃત્તિ – ગુજરાત સરકાર.
– ૧૯૯૨ – શ્રેષ્ઠ બાળ કલ્યાણ પ્રવૃત્તિ – ભારત સરકાર.
– ૨૦૦૯ શ્રેષ્ઠ બાળ કલ્યાણ પ્રવૃત્તિ માટે ક્વિન એવાર્ડ ઈંગ્લેન્ડ સરકાર.

સને ૨૦૦૪ માં બાળપ્રવૃત્તિ સુવર્ણ મહોત્સવમાં તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. એ પી જે અબ્દુલ કલામ, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દ્વારા બાળપ્રવૃત્તિને બિરદાવવામાં આવી હતી.

: સંધ્યા કાર્યક્રમ :

સાંજે ૪.૪૫ વાગ્યે ધૂન અને પ્રાર્થના સાથે કાર્યક્રમનો આરંભ થયો, જેમાં ૬૫ જેટલાં બાળકોએ સુમધુર કંઠે કિર્તનભક્તિમાં સૌને તરબોળ કર્યા હતા. ત્યારબાદ બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના બાળકો દ્વારા વિવિધ સંવાદો અને નૃત્યો દ્વારા બાળપ્રવૃત્તિના મૂલ્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ત્યારબાદ વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિનિ ઝલક દર્શાવતી વિડીયો દર્શાવવામાં આવી હતી.

બાળપ્રવૃત્તિમાં જોડાઈને વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ અને સફળતા પ્રાપ્ત કરનારાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

'Thank You Pramukh Swami' દ્વારા બાળકોએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. બાળસ્નેહી મહંત સ્વામી મહારાજ સાથે બાળકોએ સ્ટેજ પર રમતમાં સામેલ થવાનો લાભ લીધો હતો.

આજના કાર્યક્રમમાં અનેકવિધ મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજને વાક–પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

: આજના મંચસ્થ મહાનુભાવો :

શ્રી અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવે મંત્રી, કોમ્યુનિકેશન્સ, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી,
શ્રી મહંત બાલક નાથ યોગી, લોકસભા સાંસદ.
પદ્મવિભૂષણ શ્રી પ્રતાપ સી. રેડ્ડી, સ્થાપક, ચેરમેનએપોલો હોસ્પિટલ્સ ગ્રુપ.
બંધુ ત્રિપાઠી પૂજ્ય શ્રી જિનચંદ્રજી મહારાજ, સ્થાપકશાંતિધામ આરાધના કેન્દ્ર.
પૂજ્ય વિશ્વપ્રસન્ના તીર્થ સ્વામી, પ્રમુખ, પેજાવર મઠ.
શ્રી રત્નાકરજી, સ્ટેટ જનરલ સેક્રેટરી (Org), બીજેપી ગુજરાત.
શ્રી ભાર્ગવ ભટ્ટ, સ્ટેટ જનરલ સેક્રેટરી (Org), બીજેપી ગુજરાત.
શ્રી રજની પટેલ, સ્ટેટ જનરલ સેક્રેટરી (Org), બીજેપી ગુજરાત.
શ્રી સુનિલ દેશપાંડે, RSS પ્રચારક.
શ્રી રામેશ્વર દધીચ, પૂર્વ મેયર–જોધપુર.
શ્રી માધવસિંઘજી દિવાન, બિલાડાના દિવાન.
શ્રી આશિષ ચૌહાણ, મેનેજિંગ ડિરેક્ટર CEO, નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ, NSE.
શ્રી જીગ્નેશ દેસાઇ, સહ સ્થાપક, NJ ગ્રુપ.
પૂજ્ય પ્રોફ. ડો વિશ્વનાથ કરાડ, સ્થાપક અને પ્રમુખ, MIT વર્લ્ડ પીસ યુનિવર્સિટી.
શ્રી રાહુલ કરાડ, એક્ઝિક્યુટિવ પ્રેસિડેન્ટ, MIT વર્લ્ડ પીસ યુનિવર્સિટી.
શ્રી વિલિયમ સેલ્વમૂરથી, પ્રમુખઅમિટી સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઇનોવેશન ફાઉન્ડેશન (ASTIF).
શ્રી મનીષ રાજ સિંઘાનિયા, પ્રમુખફેડરેશન ઓફ ઑટોમોબાઇલ ડીલર્સ એસોસિયશન (FADA).
પ્રોફ. ડો નવીન શેઠ, પૂર્વ ઉપ–કુલપતિ, ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી.

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે આશીર્વાદ આપતા જણાવ્યું,

: પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ૨ જાન્યુઆરી, ૨૦૨૩, સોમવારના રોજ યોજાયેલ એકડેમિક કોન્ફરન્સ :

વિષયઃ શિક્ષણમાં અધ્યાત્મ.

આજે ગુજરાત રાજ્ય મહાવિદ્યાલય શૈક્ષણિક સંઘ અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના ઉપક્રમે ગુજરાતના ઉપકુલપતિઓ, પ્રિન્સિપાલ અને શિક્ષકોની એકેડેમિક કોન્ફરન્સ યોજાઇ ગઈ.

ગુજરાત રાજ્ય મહાવિદ્યાલય શૈક્ષણિક સંઘના પ્રમુખ શ્રી રોહિત દેસાઇએ જણાવ્યું, હું ભગવાનને પ્રાર્થના કરૂ છું કે આપણે આ પ્રમુખસ્વામી મહારાજ નગરમાંથી હકારાત્મક ઉર્જા લઈને નીકળીએ. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ તો આપવામાં આવે છે પરંતુ, પ્રમુખસ્વામી મહારાજે સમાજમાં વિવિધ કાર્યો જેવા કે વ્યસનમુક્તિ અભિયાન, રાહતકાર્યો અને નાઈ ઉત્કર્ષ કાર્યક્રમો દ્વારા મૂલ્ય નિષ્ઠ શિક્ષણ પૂરૂ પાડ્યું. સમાજ અને દેશના વિકાસ માટે આપણે મૂલ્યનિષ્ઠ શિક્ષણ પૂરૂ પાડવાનું ધ્યેય રાખવું જોઈએ.''

BAPSના પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ જણાવ્યું, શિક્ષણથી માનવી સુધરેલો બને છે, અને તેમાં આધ્યાત્મિકતા ઉમેરવાથી તે દિવ્યતાનો સ્પર્શ પામે છે. ડો. કલામે પ્રમુખસ્વામી મહારાજને વિશ્વગુરૂ તરીકે ઓળખાવ્યા. ડો. કલામની ઈચ્છા હતી કે શિક્ષણનું કાર્ય કરતાં કરતાં તેઓનું આયુષ્ય પૂરૂ થાય. આપણા સમયના નેતૃત્વના બે જ્વલંત ઉદાહરણ એવા પ્રમુખસ્વામી મહારાજ અને ડો. કલામે શિક્ષણ જગતની અગત્યતા સમજાવી છે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના પ્રમુખ શ્રી જે. પી. સિંઘલે જણાવ્યું, આપણે આપણાં સાંસ્કૃતિક મૂળિયાં આપણાં શાસ્ત્રોમાંથી દઢ કરવાની જરૂર છે. આપણાં શિક્ષણને 'કોલોનિયલ' પ્રભાવમાંથી મુક્ત કરવું પડશે.

સ્ટેટ પાર્લમેન્ટરી અફેર્સ મંત્રી (પ્રાઈમરી, સેકન્ડરી, અને પ્રૌઢ ઉચ્ચ શિક્ષણ) શ્રી પ્રફુલ પાંચશેરિયાએ જણાવ્યું, આધ્યાત્મિક શિક્ષણનો અભાવ ઉચ્ચ શિક્ષિત લોકોમાં પણ આત્મહત્યા જેવા બનાવો માટે કારણભૂત છે. વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સમન્વય જરૂરી છે. ન્યૂટનના ગુરૂત્વાકર્ષણના ત્રીજા નિયમની સાથે કર્મ સિદ્ધાંત સમજવો પણ જરૂરી છે. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી અહંશૂન્ય થવાનું શીખીને વિદ્યાર્થીઓના હિતનો વિચાર કરવો જોઈએ.

HNGU ના ઉપ–કુલપતિ શ્રી જે.જે. વોરાએ જણાવ્યું, ૮૦,૦૦૦ સ્વયંસેવકોના અભૂતપૂર્વ સમર્પણને હું બિરદાવું છું. દિવ્ય શક્તિના પ્રવેશથી આવી એકતા, સર્જનાત્મકતા અને પુરૂષાર્થ સંભવિત બને છે.

ચારૂતર વિદ્યામંડલના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલે જણાવ્યું, ભારતમાં અનેકવિધ મહાન શૈક્ષણિક સંસ્થાઓના કેન્દ્ર બનેલા વિદ્યાનગરનું ભાગ્ય છે કે પ્રમુખસ્વામી મહારાજના ગુરૂ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ તેને સાંપડેલા. BAPSના ૧૨૦૦ સાધુઓમાંથી ૧૩૫ વિદ્યાનગરના અક્ષર પુરૂષોત્તમ છાત્રાલયના છે. અમારા માટે ગૌરવની વાત છે કે BAPSના વર્તમાન ગુરૂ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વિદ્યાનગરની શૈક્ષણિક સંસ્થાઓમાંથી એકના પૂર્વ વિદ્યાર્થી રહી ચૂક્યા છે.

પ્રોફેસર ડો. ચાંદકિરણ સલુજાએ જણાવ્યું, સ્વામિનારાયણ સંપ્રદાયના શાસ્ત્રોના અધ્યયન બાદ મને લાગ્યું કે સંતો દ્વારા શિખવાડવામાં આવતાં પાઠ કેવી રીતે આપણી સંસ્કૃતિના મૂળિયાં મજબૂત કરી રહ્યા છે.

PDEU ગાંધીનગરના PHD પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર પ્રોફેસર એ.સી. બ્રહ્મભટ્ટે જણાવ્યું, ડો. કલામે જ્યારે ૩૦ જૂન, ૨૦૦૧ ના રોજ પ્રમુખસ્વામી મહારાજને ભારતના વિકાસ માટે પાંચ ક્ષેત્રો જણાવ્યા, ત્યારે પ્રમુખસ્વામી મહારાજે લોકોને સુવિકસીત કરવા તેમનામાં છઠ્ઠી બાબત એટલે કે આધ્યાત્મિકતા ઉમેરવાની વાત કરી હતી.''

CUGના ઉપ–કુલપતિ પ્રોફેસર રામશંકર દુબેજીએ જણાવ્યું, નાલંદા અને તક્ષશિલા જેવી યુનિવર્સિટીઓ સર્વતોમુખી શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી. ખરૂ શિક્ષણ ઘરથી શરૂ થાય છે. આપણી સંસ્કૃતિ જાળવીને વિશ્વમાનવ થવાનું છે.

GTUના ઉપ–કુલપતિ પ્રોફેસર નવિન શેઠે જણાવ્યું, આઝાદીના અમૃત મહોત્સવની સાથે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના સાક્ષી બનવા બદલ આપણે સૌ ભાગ્યશાળી છીએ.

ગુજરાત RSSના ડો. જયંતીભાઈ ભાડેસીયા, પ્રોફેસર ભગવતીપ્રસાદ શર્મા તથા કોલંબિયા યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી યોગી ત્રિવેદીએ પણ આધ્યાત્મિક મૂલ્ય યુક્ત શિક્ષણની તાતી આવશ્યકતા પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

BAPS ના પૂ. ડો જ્ઞાનવત્સલ સ્વામી જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે લક્ષણ વગરનું શિક્ષણ ભક્ષણ કરે અને લક્ષણ સાથેનું શિક્ષણ ભક્ષણ કરે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ઘોઘંબા તાલુકાના સરસવા ગામ સરપંચ હોદ્દાનો દુરૂપયોગ કરી

# આંગણવાડી સ્મશાનને જોડતા રસ્તાને તોડી નાંખી કબ્જો કરી લેતા TDOને ગ્રામજનોની રજુઆત

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના સરસવા ગામ હાથણી માતાના મેઈન રસ્તાની નાયક ફળિયા, આંગણવાડી તથા સ્મશાનને જોડતો રસ્તો વડીલો વખતથી આવેલ હોય જુના સર્વે નં-૨૧ વાળી મિલ્કતમાંથી રસ્તા જાય છે અને આ રસ્તાનો નકશો ઓનલાઈન થયેલ અને માટી મેટલનુ કામ પણ થયેલ છે. ત્યારે પંચાયતના હાલના સરપંચ જે જુના સર્વે નં-૨૧વાળી મિલ્કત પડાવી લેવાની પેરવીમાં હોય અને સત્તાનો દુરૂપયોગ કરી જેસીબી દ્વારા રસ્તા ઉપરની માટી મેટલ ઉખેડી નાંખી રસ્તો દુર કરી દેવામાં આવતા આ બાબતે ઘોઘંબા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી બંધ કરેલ રસ્તો પુનઃ ચાલુ કરવાની માંગ કરાઈ છે.

ઘોઘંબા તાલુકાના સરસવા ગામ હાથણી માતાના મેઈન રસ્તાની નાયક ફળિયા, સ્મશાન આંગણવાડીને જોડતો રસ્તો વડીલો વખતથી આવેલ આ રસ્તો શાહ શોભનાબેન ગોવિંદલાલના જુના સર્વે નં-૨૧ વાળી મિલ્કતમાંથી રસ્તો જાય છે અને આ રસ્તાનો નકશો પણ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

વર્ષોથી ઓનલાઈન થયેલ અને ૨૦૧૪માં એન.આર.જી.અંતર્ગત માટી મેટલની કામગીરી થયેલ હતી. ત્યારે હાલના સરપંચ રાઠવા હિરાભાઈ સુરતનભાઈ જે શોભનાબેન શાહની જુના સર્વે

## જુના સર્વે નં-૨૧ વાળી મિલ્કત પડાવી પાડવાની પેરવીમાં સરપંચનો મનસ્વી ગેરવહીવટ

નં-૨૧ વાળી મિલ્કત પડાવી લેવાની પેરવીમાં હોય અને હોદ્દાનો દુરૂપયોગ કરી સરપંચ ભાડાનુ જેસીબી લાવીને નાયક ફળિયા, આંગણવાડી અને સ્મશાનને જોડતા રસ્તા ઉપર માટી મેટલને ઉખેડી નાંખી રસ્તાને દુર કરવામાં આવ્યો છે.રસ્તો બંધ કરવા બાબતે કોઈપણ ગ્રામજનો કહેવા જતા ગામનો સરપંચનુ તમોને ફરક નહિ પડે મારી સામે પડશો તો જેલ ભેગા કરાવી તેવી ધમકી આપતા હોય છે. હાલના સરપંચ રાઠવા હિરાભાઈ સુરસીંગભાઈ પોતાના સરપંચના હોદ્દાનો દુરૂપયોગ કરીનો શોભનાબેન શાહની મિલ્કત પાડવી હોવાની પેરવી કરી જુના સર્વે નં-૨૧ આવેલ રસ્તો દુર કરેલ છે ને સર્વે નં-૨૧ વાળી મિલ્કત બાબતે શોભનાબેન શાહ દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરેલ છે જે પેન્ડિંગ છે. ત્યારે રસ્તો તોડી નાંખી જમીન સમતલ કરીને ખેતીના પાક નાંખેલ છે. જેની ગ્રામજ્નો નાયક ફળિયા, આંગણવાડી અને સ્મશાનમાં જવાની મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. સરસવા ગામના હાલના સરપંચ પોતાના હોદ્દાનો મનસ્વી રીતે દુરૂપયોગ કરી રસ્તો બંધ કરી દેતા ગ્રામજનો દ્વારા ઘોઘંબા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી રસ્તો પુનઃ શરૂ કરવા તેમજ સરપંચના હોદ્દાનો દુરૂપયોગ સામે કાર્યવાહીની માંગ કરી છે.

## ઘોઘંબાના દુધાપુરા ગ્રામ પંચાયતમાં પ્રધાનમંત્રી આવસ યોજનામાં ૧૪માં નાણાં પંચમાં મોટા પ્રમાણમાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ માટે DDOને લેખિત રજુઆત

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દુધાપુરા ગામ પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, ટી.એસ.પી.યોજના વર્ષ-૧૯/૨૦ તેમજ ૧૪માં નાણાંપંચની યોજનામાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરીને દોષિતો સામે કાયદેસર કાર્યવાહી થાય તેવી માંગ સાથે જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ઘોઘંબા તાલુકાના દુધાપુરા ગ્રામ પંચાયતના સરપંચ, ડે.સરપંચ, તલાટી, તાલુકા પંચાયત કચેરીના આ.મા.ઈ.અને પ્રધાનમંત્રી યોજનાના ગ્રામ સેવક રોજગાર સેવક વિસ્તરણ અધિકારી એકાઉન્ટન્ટ જેવા ઉપર કર્મચારીઓના મેળાપીપણામાં નાણાંકિય લેવડ દેવડ ગ્રામ પંચાયત



વિસ્તારમાં કામો સ્થળ ઉપર કર્યા વગર ભ્રષ્ટાચાર કરેલ છે પંચાયત દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આદિવાસી લાભાર્થીના નામ કમી કરવા સામાન્ય સભા કે ગ્રામસભા કર્યા વગર ઠરાવો કરીને આદિવાસીઓને આવાસ યોજનાથી વંચિત રાખવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાભાર્થી રાઠવા મંગાભાઈ કાળુ હોય પત્નિનુ નામ રૂપલીબેન છે ત્યારે આ લાભાર્થીના સ્થાને મંગાભાઈ કલીચાભાઈ રાઠવા અને પત્નિ કમલીબેનના ખાતામાં પૈસા નાંખીને ભ્રષ્ટાચાર આચરેલ છે આમ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મોટાપ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરેલ છે. આવાસ અને મનરેગા યોજનાના કામોમાં સ્થળ તપાસ કર્યા વગર કચેરીમાં બેસીને ટેકનીકલ એન્જિનિયર ડિપાર્ટ બનાવવામાં આવ્યા છે. આમ દુધાપુરા ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી, ડે.સરપંચના મેળાપીપણામાં મોટાપ્રમાણમાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરવામાં ગ્રામજનો અને માજી સરપંચ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામા આવી છે.

## ગોધરામાં ખેતીની જમીનમાં થયુ પ્લોટિંગ શું વહીવટી તંત્ર આના સામે કાર્યવાહી કરશે ખરી ?

ગોધરા,

ગોધરા કસ્બાના શહેર સિટી વોર્ડ ગોધરા(બિનખેતી-૧)વાળી જમીન જેનો રે.સ.નં.૬૩૬/૨ પૈકી-૨/ પૈકી-૧ વાળી જમીનો ગોધરા શહેરમાં ગ્રીન ઝોનની આવેલી હતી અને તે જમીનો કોઈપણ ગ્રીન ઝોનમાં હોય તે જમીનોને ખેતી માટે આપી શકાય પરંતુ તેમાં પ્લોટિંગ ના પાડી શકાય તે માટે પંચમહાલ જિલ્લા કલેકટરના હુકમોની શરતોનો ભંગ થયેલ છે. જે જમીનો ઉપર પંચમહાલ જીલ્લા કલેક્ટર દ્વારા આપેલ આદેશોની અવગણના કરી આ જમીનો ઉપર જોગવાઈઓ નેવે મૂકી તેમજ નગર નિયોજકના નિયમો વિરૂદ્ધ પોતાની મરજી મુજબ નકશો તૈયાર કરી પ્લોટ નં. ૧ થી ૨૦ પાડી તેમજ ખોટા કાયદા વિરૂદ્ધના નકશા બનાવી વેચાણ કરવાની પેરવી કરી રહ્યા છે. આ સર્વે નંબર વાળી જમીનો, પ્લોટો ગોધરા શહેર નગર પાલિકા સમક્ષ તમામ પુરાવા આપવા અને સ્થળ નિરીક્ષણ કરવા જે સરકારના આજ્ઞાનુસાર કેટલા પુરાવા આપવા પડે છે. જે સારી રીતે જાણતા હોય છે અને આવી જમીનો જે ગ્રીન ઝોન વાળી મિલ્કતો કોઈ પણ ગેરકાયદેસર વેચાણ કરવાની સત્તા ના હોવા છતાં પંચમહાલ કલેક્ટર ના આપેલ હુકમ શરતોનું સરેઆમ ભંગ કરેલ છે. કોઈપણ એન.એ.નો હુકમ થાય તે શરતોના અધિનિયમ અંગેની બાંધકામ કરવાનું થાય છે પરંતુ આ જમીનો ઉપર રોડ, રસ્તાઓ છોડવામાં આવેલ નથી. આમ, આ ગ્રીન ઝોનની જમીનો ઉપર ગેરકાયદેસર પ્લોટીંગ તથા વેચાણ વ્યવહારો થયાની જાણમાં આવેલ છે. નગર પાલિકા ગોધરા સમક્ષ બાંધકામની પરમીશનો લેવામાં આવેલ નથી. જેથી આવી ગેરકાયદેસર બાંધકામ તોળવાની નગર પાલિકાની ફરજ બને છે. તેમજ જીલ્લા કલેકટરની આજ્ઞાઅનુસાર આપેલ આદેશોનો ભંગ કરતાં શરત ભંગ બાબતે કાર્યવાહી કરવાની જીલ્લા કલેક્ટરની ફરજ બનતી હોય તત્કાલીક શરત ભંગ અંગેની કાર્યવાહી થાય તથા કરેલ ગેરરીતિઓ સામે યોગ્ય પગલા ભરાય તેવી રજુઆતો કરવામાં આવેલ છે.


## લીમખેડાના જેતપુર(દુ)ગામના પરિણિતાને બદચલન હોવાના આરોપી મુકી ત્રાસ આપતા ફરિયાદ

દાહોદ,

પતિ, સસરા, તેમજ અન્ય સાસરીયા દ્વારા બદચલન હોવાના આરોપ મૂકી બાપના ઘરે જતી રહેવા દબાણ કરી ઝઘડો તકરાર કરી લગ્નમાં ચડાવેલ દાગીના લઈ લીધા પછી મારમારી ગુજારાતા શારીરીક અને માનસીક ત્રાસથી વાજ આવેલ કરાર આધારિત સ્ટાફ નર્સે પોતાના પતિ તેમજ સાસરીયા સામે પોલિસ ફરિયાદ કર્યાનું જાણવા મળ્યું છે.

લીમખેડાના જેતપુર(દુ) ગામની ૨૭ વર્ષીય નિલેશ્વરી બેનના લગ્ન કીરણભાઈ પારસીંગભાઈ નીનામા સાથે થયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૧માં નિલેશ્વરીબેનને તેના પતિ કિરણભાઈ નીનામા પિયરમાં મુકી આવ્યો હતો તે પછી નિલેશ્વરીબેન તેની સાસરીમાં ગઈ હતી જેથી તેની સાસરીના પારસીંગભાઈ મંગાભાઈ, કમલેશ પારસીંગભાઈ તથા જ્યાબેન નરેશભાઈએ કહેલ કે, તારે અહીંયા રહેવાનું નથી, તું કીરણને ગમતી નથી, અમે તને રહેવા દેવાના નથી. તું ખરાબ ચારીત્ર્યની છે તુ અમારા ઘરમાં શોભે નહીં, તારા મા-બાપ નબળા છે. તું તારા બાપના ઘરે જતી રહે, નહીં તો તુ જીવતી નહી રહે. તેમ કહી બેફામ ગાળો બોલી ઝઘડો તકરાર કરી નિલેશ્વરીબેનને લગ્નમાં ચડાવેલ દાગીના તેની પાસેથી સાસરીયાવાળાઓએ લઈ લીધા બદા નિલેશ્વરીબેન પોતાના પતિ કિરણભાઈ પાસે જતા તેના પતિ કિરણે મારઝુડ કરી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી ઘરમાંથી કાઢી મૂકી શારીરીક અને માનસીક ત્રાસ આપ્યો હતો. આ સંબંધે નિલેશ્વરીબેન નીનામાએ તેના પતિ તથા સાસરીયા વિરૂદ્ધ રંધીકપુર પોલિસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલિસે આ સંદર્ભે ઈપિકો કલમ ૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા શહેરા ભાગોળ ફાટક પાસે માલગાડીની અડફેટમાં અજાણ્યા યુવકનું મોત



ગોધરા,

ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક પાસે માલગાડીની અડફેટમાં આવેલ અજાણ્યા યુવકનુ ટ્રેનની અડફેટમાં આવી જતા મોત થતાં રેલ્વે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને મૃતદેહને સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક પાસે સવારે માલગાડી પસાર થઈ રહી હતી ત્યારે ટ્રેક પાસે ઉભેલ અજાણ્યો યુવક ટ્રેનની અડફેટમાં આવી ગયો હતો. ટ્રેનની અડફેટમાં આવેલ યુવાનનુ ઘટના સ્થળે મોત થવા પામ્યુ હતુ. ઘટનાની જાણ રેલ્વે પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## ગોધરા પાલિકા સામે પ્રતિક ધરણા ઉપર બેઠેલ પેન્શનરોએ આજે વાસણો લઈ રાહદારીઓ પાસેથી ભીખ માંગી વિરોધ વ્યકત કર્યો

### નિવૃત્ત કર્મચારીઓ દ્વારા ભીખ માંગી ૧૦૧૦ રૂપિયા ઉઘરાવી ચિફ ઓફીસરને અર્પણ કર્યા

ગોધરા,

ગોધરા નગરપાલિકાના નિવૃત્ત પેન્શનર કર્મચારીઓને છેલ્લા ચાર માસથી પેન્શન નહિ ચુકવતા પાલિકા કચેરી સામે ધરણા ઉપર બેઠા છે. ધરણા ઉપર બેઠેલા પેન્શનરો આજરોજ પાલિકા કચેરી બહાર હાથમાં વાસણો લઈને રાહદારીઓ પાસેથી ભીખ માંગીને અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો.

ગોધરા નગરપાલિકાના નિવૃત્ત પેન્શનર કર્મચારીઓને છેલ્લા ૪ મહિનાથી પેન્શન ચુકવવામાં આવ્યુ નથી. જેને લઈ નિવૃત્ત કર્મચારીઓ જે માત્ર પેન્શન ઉપર ગુજરાન ચલાવતા હોય તેવા કર્મચારીઓના જીવન નિર્વાહ કરવો મુશ્કેલ બન્યો છે. પાલિકા ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખને અનેક રજુઆતો છતાં પેન્શન ચુકવણી નહિ





કરવામાં આવતા ૨૮ ડિસેમ્બરથી પાલિકાના નિવૃત્ત કર્મચારી પેન્શનરો પાલિકા કચેરી સામે પ્રતિક ધરણા ઉપર બેઠા છે. હાલ પાલિકાના ૨૯૫ પેન્શનરોને પેન્શનની ચાર મહિનાથી ચુકવણુ કરવામાં આવ્યુ નથી. અને પ્રતિક ધરણા ઉપર ઉતર્યા બાદ પણ પાલિકા તંત્રનુ પેટનુ પાણી હાલતુ ન હોવાથી પ્રતિક ધરણા ઉપર બેઠેલા પેન્શનરો દ્વારા આજરોજ પાલિકા કચેરી બહાર પ્રતિક ધરણાના સ્થળે હાથમાં વાસણો લઈને રાહદારીઓ પાસેથી ભીખ માંગી હતી. પાલિકાના નિવૃત્ત પેન્શનરોને પેન્શનની ચુકવણી નહિ કરતા અનોખો વિરોધ કરીને પોતાની વ્યથા વર્ણવી છે. હવે જોવુ રહ્યુ કે પાલિકા તંત્ર પેન્શનરોને પેન્શનની ચુકવણી ક્યારે કરે છે.

## ગરબાડા તાલુકાના પાંદડી ગામ ખાતે આવેલ પાટાડુંગરી રસ્તા ઉપર ફોરવીલર ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો



ગરબાડા,

ગરબાડા તાલુકાના પાંદડી ગામ ખાતે પાટાડુંગરી રસ્તા ઉપર ફોરવીલર ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો જે અકસ્માતમાં ફોરવીલર ગાડીમાં સવાર પાંચ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી મળતી વિગતો અનુસાર એક ફોરવીલર ચાલક પાંદડી ગામ ખાતેથી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન પાંદડી ગામના પાટાડુંગરી ના રસ્તા નજીક ફોરવીલર ગાડીના ચાલે કે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ગાડી રોડની સાઈડમાં પડેલ ઢગલા સાથે અથડાઈને બે પલટી મારી હતી તે દરમિયાન ફોરવીલર માં સવાર પાંચ લોકોને લોકોને ઈજા પહોંચી હતી અકસ્માત ની જાણ સ્થાનિક લોકોને થતા સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત માં ડ્રાઈવરને માથાના ભાગે તેમ જ ગાડીમાં સવાર મહિલાને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ તથા તેને સારવાર માટે ૧૦૮ ની મદદથી દાહોદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી આપ ૨૦૧૩ ની શરૂઆત થતા ની સાથે પહેલા દિવસે ગરબાડા તાલુકામાં બે માર્ગ અકસ્માતના બનાવો બન્યા હતા.

## કાળીડુંગરીની શાંતાબેન નટવરલાલ કડકિયા હાઈસ્કુલમાં ટિફિન ડે ઉજવાયો

દે.બારીઆ,

વર્ષ ૨૦૨૩ ના તા.૨/૧/૨૦૨૩ના સોમવારના દિવસે તેમજ સરકારના આદેશ અનુસાર બરછટ અનાજનો વધુ ઉપયોગ થાય અને બાળકો તંદુરસ્ત બને તે આયોજન હેઠળ અમારી શાળા એસ. કડકીયા સ્કૂલમાં એક પ્રીતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના દરેક વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ શાળાના શિક્ષકો શાળાના સમગ્ર સ્ટાફ ઘરે બનાવેલી વિવિધ વાનગીઓ સાથે લઈને આવ્યા હતા.

શાળામાં રીસેસમાં સૌ સાથે બેસીને સમૂહમાં અરસપરસનું ભોજન પીરસીને પ્રીતિ ભોજન કર્યું હતું જેમાં શાળાના દરેક વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક ગણ ભોજનમાં જુદી જુદી વાનગીઓ લાવ્યા હતા જેમકે રોટલી મકાઈના રોટલા બાજરીના રોટલા ભાખરી પૂડા ચોખાના રોટલા ખમણ અડદના ગોટા બટાકાવડા, દેશી સુરણનું શાક, પંજાબી શાક કાઠીયાવાડી છાશ જુવારના રોટલા સેવ ટમાટર, રીંગણ બટાકા, પનીર તેમજ વિવિધ પ્રકારના



કાચા સલાડ જેવા કે કાકડી ટમેટા ગાજર કોબીજ લીંબુ વગેરે લઈને પપૈયાનો સંભારો વગેરે વાનગીઓ લઈને આવ્યા હતા અને વિશેષતા એ હતી કોઈપણ વિદ્યાર્થી બજારનું ભોજન લાવ્યો ન હતો ઘરે જે ખાતા હતા તે જ લાવ્યા હતા આ પ્રીતિ ભોજનનો હેતુ કરવાથી વિદ્યાર્થીઓને શિક્ષકોમાં એક જાતનો સ્નેહ લાગણી અને પ્રેમભાવ વધે તેમ જ ભેદભાવની લાગણી દૂર થાય છે વિદ્યાર્થીઓનો શિક્ષકો પ્રત્યેનો ભય સંકોચ શરમ દૂર થાય છે અને વિદ્યાર્થીઓમાં નૈતિકતા તેમજ વહેંચીને ખાવાના ગુણોનો વિકાસ થાય છે અને પરસ્પર અને સમર્પણની ભાવના જેવા ગુણો સાથે સહકારની ભાવના અને પરસ્પર આંતર સંબંધો કેળવાય છે.

## ગોધરા પાલિકા દ્વારા ૪૦ રોજમદાર સફાઈ કર્મચારીને છુટા કરતા પાલિકા કચેરી બહાર હડતાળ ઉપર ઉતર્યા

- રોજમદાર છુટા કરાયેલ કામદારોને કાયમી સફાઈ કર્મીઓને સમર્થન કરી હડતાળમાં જોડાયા.
- પાલિકાના કુલ ૪ ઝોનમાંથી ૪૦ રોજમદાર સફાઈ કર્મીઓને કોઈ નોટીસ આપ્યા વગર છુટા કરાયા.
- છેલ્લા ચાર માસના પગાર બાકી હોવા છતાં કર્મચારીઓને છુટા કરાતાં સફાઈ કર્મીઓમાં ભારે રોષ.
- મહેકમ કરતાં વધુ કર્મીઓ હોવાથી સફાઈ કર્મીઓને છુટા કરાયા : નગરપાલિકા પ્રમુખ

ગોધરા,

ગોધરા નગરપાલિકાના ૪ ઝોનના ૪૦ જેટલા સફાઈ કામદારોને કોઈપણ જાતની નોટિસ આપ્યા વગર છુટા કરવામાં આવતા સફાઈ કામદારો હડતાળ ઉપર ઉતર્યા હતા. છુટા કરાયેલ કર્મચારીઓની હડતાળમાં કાયમી સફાઈ કામદારો પણ જોડાયા હતા.

ગોધરા નગરપાલિકાના ૪ ઝોન વિસ્તારમાં સફાઈ કામગીરીમાં રોજમદાર સફાઈ કર્મચારીઓ પણ કામ કરતા હોય છે તેવા ૪ ઝોનના ૪૦ જેટલા રોજમદાર સફાઈ કામદારોને પાલિકા દ્વારા કોઈપણ જાતની નોટિસ આપ્યા વગર નોકરીમાંથી છુટા કરી દેવામાં આવ્યા હતા. ૪૦ જેટલા રોજમદાર સફાઈ કામદારોને કોઈપણ જાતની નોટિસ આપ્યા વગર અચાનક છુટા કરી દેવામાં આવતા રોજમદાર સફાઈ કામદારો પાલિકા કચેરી સામે હડતાળ ઉપર ઉતર્યા હતા. એકનો છેલ્લા ૪ મહિનાથી પગાર આવ્યો ન હોય અને



પગાર બાકી હોવા છતાં પાલિકા દ્વારા સફાઈ કામદારોને છુટા કરવાના વિરોધમાં હડતાળ કરી હતી. આ રોજમદાર સફાઈ કામદારોની હડતાળને કાયમી સફાઈ કામદારોએ પણ સમર્થન કરીને હડતાળમાં જોડાયા હતા. નગરપાલિકા ૪૦ રોજમદાર સફાઈ કામદારોને છુટા કરવા પાછળનુ કારણ મહેકમ કરતા વધુ સફાઈ કામદાર હોવાથી છુટા કરવામાં આવ્યા છે તેમ જણાવે છે. ત્યારે પ્રશ્ન થાય કે અત્યાર સુધી પાલિકા તંત્ર મહેકમ કરતા વધુ સફાઈ કામદારોને કેમ રાખ્યા હશે તે પણ વિચાર માંગી રહ્યુ છે.